## પ્રેસનોટ- રામોલ પોલીસ સ્ટેશન

# SHE ટીમ દ્વારા પકડાયેલ ઇસમ રીઢો ઘરફોડીયો નિકળ્યો ત્રણ ઘરફોડ તથા ત્રણ વ્હીકલ ચોરીનો ભેદ ઉકેલાયો.

રામોલ પો.સ્ટેશન SHE ટીમ દ્વારા તા.૨૭/૦૭/૧૯ ના રોજ એક ઇસમ નામે મનિષ @ ગટ્ટો શેલેંદ્રભાઇ ધોબી ઉવ.૧૯ રહે. મનં. એફ/૪૦૩ દેવકૃપા ફ્લેટ હાથીજણ સર્કલ પાસે હાથીજણ અમદાવાદ શહેર નાને દુન સ્કુલ પાસેથી છેડતી કરતા મળી આવતા કાયદેસર કાર્યવાહીહાથ ધરવામાં આવી જે આરોપી સીટીએમ પોલીસ ચોકીના પ્રો.પો.સ.ઇ બી.આર.ભાટી તેમજ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ છત્રસિંહ ચીમનલાલ બનં.૭૮૦૩ પો.કો લાલજીભાઇ જહાભાઇ બનં.૬૪૬૨ તથા પો.કો દિગપાલસિંહ કનકસિંહ બનં.૧૧૫૩૮ તથા પો.કો ભોળાભાઇ વાઘજીભાઇ બનં.૧૩૦૨૨ નાઓએ તે આરોપીની ગુનાહિત પ્રવૃતિ તપાસ કરતા તે અગાઉ રામોલ પો.સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ હોવાની હકીકત જાણવા મળેલ જેથી પ્રો.પો.સ.ઇ બી.આર.ભાટી તેમજ તેમની ટીમ દ્વારા પોલીસ ઇન્સ્પેકટર શ્રી રામોલ પો.સ્ટેશનના માર્ગદર્શન હેઠળ વધુ ઘનિષ્ઠ પુછપરછ અને યુક્તિ પ્રયુક્તિ દ્વારા ઇન્ટ્રોગેશન કરતા તેણે છ જેટલા મિલ્કત સબંધી ગુના આચર્યા હોવાનુ ચોકાવનારી કબુલાત કરેલી જેની વિગત જોતા નીચે મુજબના ગુનાઓ આચર્યા અંગેની કબુલાત મળેલ.

(૧) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૧/૧૯ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ
(૨) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૨/૧૯ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ
(૩) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૩/૧૯ ધી ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ
(૪) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૪/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(૫) ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૮/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(૬) મણીનગર પો.સ્ટેશન વિસ્તારમાંથી એકટીવા ચોરી

ઉપરોકત તમામ ગુનાના કામે ચોરીએ ગયેલ જુદાજુદા મુદ્દામાલ મળી કુલ્લે રૂપિયા ૧,૮૦,૮૧૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે તેમજ સદર ગુનામા બે કિશોરોની સંડોવણી જણાઇ આવેલ હોય જેઓને પણ પો.સ્ટે લાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

આમ SHE ટીમ દ્વારા અટક કરવામાં આવેલ ઇસમની રામોલ પો.સ્ટેશન દ્વારા સતર્કતા દાખવી છ જેટલા અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળેલ છે

Scanned with CamScanner